Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

# વાવ તાલુકાની પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થા 'આંગણવાડી' ના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષનો અભ્યાસ

વિષ્ણુભાઈ વિરમભાઈ શ્રીમાળી
પીએચ.ડી.સંશોધક
શિક્ષણશાસ્ત્ર વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર

ડૉ. રૂપમ ઉપાધ્યાય
પીએચ.ડી. માર્ગદર્શક અને
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

**સારાંશ**

*આજનું બાળકએ આવતીકાલનું ભવિષ્ય છે.માટે જ 'પ્રત્યેક બાળક મહત્ત્વનું છે'. સારુ શિક્ષણ મેળવીને બાળક પોતાના ભવિષ્યનું નિર્માણ કરે છે.તેથી શિક્ષણની આ પ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા કેન્દ્રવર્તી છે.તેમાં પણ પૂર્વ પ્રાથમિકશિક્ષણ સંસ્થાના નાના ભૂલકાંઓના શિક્ષણના સંદર્ભમાં વાત કરીએતો આ શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલા શિક્ષકો કે કર્મચારીઓ કેંદ્ર સંચાલક અને તેડાગર બહેનોની ભૂમિકા અત્યંત મહત્ત્વની બની રહે છે.નાનાં બાળકોના શિક્ષણથી લઈને અનેક પ્રકારની જવાબદારી આ સંસ્થામાં કાર્યરત બહેનોના શિરે હોય છે.માટે આ વ્યવસાય સાથે જોડાયેલા કર્મચારીઓ પોતાના વ્યવસાય પ્રત્યે સંતોષ હોય તો તેઓ સારી રીતે પોતાનું કાર્ય કરી શકે. વ્યવસાય પ્રત્યે કાર્મચારીનું હકારાત્મક કે નકારાત્મક વલણ અથવા વિચાર એટલે કાર્યસંતોષ.કાર્યસંતોષએ વ્યક્તિને પોતાના કામમાં કેટલો આનંદ મળે છે તેનું સૂચન કરે છે.માટે સંશોધકે પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષનો અભ્યાસ આ વિષય પસંદ કર્યો છે.પ્રસ્તુત અભ્યાસમાં વાવ તાલુકાની પૂર્વ પ્રાથમિકશિક્ષણ સંસ્થાઓની યાદી મેળવી સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પધ્ધતિનો ઉપયોગ કરીને કુલ 40 આંગણવાડી કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે.વ્યાપવિશ્વ તરીકે વાવ તાલુકાની 'આંગણવાડી' કેન્દ્રના તમામ કર્મચારીઓ હતા.માહિતી મેળવવા માટે સંશોધકે સ્વરચિત કાર્યસંતોષ માપદંડની રચના કરીને તેનો ઉપયોગ કર્યો છે.આંગણવાડી કેન્દ્રના કર્મચારીઓના કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો હોવાથી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.*

**મૂળ શબ્દો** : *વ્યાવસાયિક કાર્યસંતોષ,પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થા, આંગણવાડી, કર્મચારી*

## ૧. પ્રસ્તાવના

મનુષ્ય પોતાના કુટુંબનું ભરણપોષણ કે જરૂરિયાતની પૂર્તિ કરવા માટે કોઈપણ વ્યાવસાયિક ક્ષેત્રમાં જોડાય છે અને બદલામાં આર્થિક ઉપાર્જન મેળવે છે.આજના આધુનિક,ઝડપી અને મોંઘવારીના યુગમાં વ્યવસાયનું ખૂબજ મહત્ત્વ છે કારણ કે તેના વીના સારુ જીવન વ્યતિત કરવું ખૂબજ મુશ્કેલ છે.વ્યવસાય દ્વારા જ મનુષ્ય પોતાને આર્થિક,સામાજિક,શૈક્ષણિક એમ વિવિધ દષ્ટિએ સુસજ્જ કરી શકે છે.તેના દ્વારા જ વ્યક્તિને સમાજમાં માન,મોભો, ઈજ્જત,આબરૂ પ્રાપ્ત થાય છે.આપણી ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે, **'નાણાં વગરનો નાથિયો ને' નાણે નાથાલાલ'** પૈસા દ્વારા જ વ્યક્તિની કિંમત થાય છે.વ્યક્તિ જો ઉચ્ચ વ્યવસાય સાથે સંકળાયેલ હોય તો તે સમાજમાં પ્રતિષ્ઠિત ગણાય છે.વ્યક્તિ જો પોતાને ગમતા અને અનુકૂળ વ્યવસાયમાં જોડાય તો પોતાના વ્યવસાયના ક્ષેત્રમાં ખૂબ જ આનંદથી કાર્ય કરી પોતાની પ્રગતિ કરી શકે છે.પોતાના વ્યવસાયના ક્ષેત્રમાં કરેલા કાર્યથી તેને સંતોષ થાય છે.કાર્ય સંતોષ એ વ્યક્તિના ભાવ અને આવેગ સાથે જોડાયેલી પ્રતિક્રીયા છે.ભાવ એ વ્યક્તિના ગમા અને અણગમાની લાગણીને સ્પર્શે છે.તેથી કાર્યસંતોષએ વ્યક્તિને પોતે કરેલા કાર્યમાં કેટલો આનંદ મળે છે તેનું સૂચન કરે છે. વ્યાવસાયિક કાર્યસંતોષ એટલે

Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

મનોવૈજ્ઞાનિક,શારીરિક અને પર્યાવરણના સંજોગોમાં કોઈપણ સંયોજન કે જેને લીધે વ્યક્તિ સાચી રીતે કહી શકે કે તેને પોતાના કામથી સંતોષ છે.ટૂંકમાં એમ કહી શકાય કે જે તે વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિ સમગ્ર દિવસ કાર્ય કરવા છતાં પણ જ્યારે થાક અનુભવતો નથી અને તેને આજનો દિવસ સારો રહ્યો તેવી અંતરથી લાગણી થાય તે જ કાર્યસંતોષ.

પોતે પસંદ કરેલ કે જોડાયેલ વ્યવસાય પ્રત્યેનું વ્યક્તિનું હકારાત્મક કે નકારાત્મક વલણ એટલે કાર્યસંતોષ.કાર્યસંતોષ સરળ પરિબળ નથી પરંતુ તે ઘણા આંતર સંબંધિત ઘટકોનું પરિણામ છે.વ્યાવસાયિક કાર્યસંતોષ સાથે આર્થિક,સંસ્થાકીય વાતાવરણ,કાર્યબોજ,સ્વવિકાસની તકો,પોતાના કાર્યની કદર,સામાજિક પ્રતિષ્ઠા જેવા અનેક પરિબળો અસર કરતા હોય છે.સમાજમાં અનેક વ્યવસાયો વ્યક્તિને આર્થિક બાબતોની સાથે માન,મોભો અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરાવે છે.આ વ્યવસાયો પૈકી આંગણવાડી સંસ્થામાં કાર્યરત બહેનો પોતાના વ્યવસાય પ્રત્યે કાર્ય સંતોષ ધરાવે છે કે નહીં તે જાણવા માટે અભ્યાસકે આ વિષયની પસંદગી કરી છે.આંગણવાડી કેન્દ્રમાં કાર્યરત બહેનોને કામના કલાકો,કામનો પ્રકાર,તેમને મળતું વેતન,વિષેશ ભથ્થાંઓ,રજાઓ,વ્યાવસાયિક સલામતિ,સહકર્મચારિનો સહકાર,સંસ્થામાં નેતૃત્વનો પ્રકાર,સ્વાયત્તતા,કામનું ભારણ,નિયંત્રણ,ભૌતિક સુવિધાઓ,સંસ્થાકીય વાતાવરણ જેવી અનેક બાબતો સંસ્થામાં કાર્યરત કર્મચારીઓના કાર્યસંતોષ-અસંતોષને અસર કરતાં હોય છે.આ ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષ પર અભ્યાસ થયેલા છે જ્યારે પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાના કર્મચારીઓના કાર્યસંતોષ પર કોઈ અભ્યાસકે કામ કરેલ હોય તેવું અભ્યાસકના ધ્યાનમાં આવેલનથી. આમ,અભ્યાસકે ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને વિસ્તાર,અનુભવ અને અભ્યાસને ધ્યાનમાં રાખી આ વિષય પર અભ્યાસ પસંદ કરેલ છે.

## ૨.સમસ્યા કથન

વાવ તાલુકાની પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થા 'આંગણવાડી' ના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષનો અભ્યાસ. Study of Professional Work Satisfaction of 'Anganwadi' Employees of Vav Taluka Pre-Primary Education Institution

## ૩. અભ્યાસના હેતુઓ

1. વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના કર્મચારીઓનો વ્યાવસાયિક સંતોષ જાણવા માટે 'કાર્યસંતોષ માપદંડ'ની રચના કરવી.
2. વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના કર્મચારીઓનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના કર્મચારીઓનો અનુભવની અસરનો અભ્યાસ કરવો.
4. વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના કર્મચારીઓનો શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૪. ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પનાઓ અભ્યાસના હેતુઓને અનુરૂપ સંશોધનના અંતે કેવાં પરિણામો પ્રાપ્ત થશે તે અંગેના તાર્કિક અનુમાનો તેમજ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખ છે.

$H_{01}$ વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરી વિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

$H_{02}$ વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ઓછો અનુભવ ધરાવતા અને વધારે અનુભવ ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$H_{03}$ વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષમાં તેમની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## ૫. સંશોધનમાં સમાવિષ્ટ ચલ

### *૫.૧ સ્વતંત્ર ચલ*

(1) વિસ્તાર – ગ્રામ્ય અને શહેરી

(2) અનુભવ – (1) 0 થી 05 વર્ષ (2) 06 થી 10 વર્ષ (3) 11 થી 15 વર્ષ (4) 15 વર્ષથી વધારે

(3) શૈક્ષણિક લાયકાત (1) ધોરણ10 પાસ (2) ધોરણ 10 પાસથી વધુ અભ્યાસ

## ૬. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૭. વ્યાપવિશ્વ અને નમૂનો

આ અભ્યાસમાં વાવ તાલુકામાં આવેલી પૂર્વપ્રાથમિક શિક્ષણસંસ્થા 'આંગણવાડી' કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ વ્યાપવિશ્વ બને છે.જેમાંથી નિદર્શ તરીકે સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પધ્ધતિનો ઉપયોગ કરીને કુલ 40 આંગણવાડી કેન્દ્રની પસંદગી કરવામાં આવી અને આ સંસ્થામાં કાર્યરત 40 આંગણવાડી કેન્દ્ર સંચાલક નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## ૮. ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સ્વરચિત વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડની રચના કરી તેને તજજ્ઞના અભિપ્રાયો માટે મોકલી તેમાં યોગ્ય ફેરફાર કરી અંતિમ ઉપકરણની રચના કરવામાં આવી હતી.

## ૯. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું એકત્રીકરણ કરવા માટે નિદર્શમાં પસંદ થયેલ આંગણવાડી કેન્દ્રના સંચાલકશ્રીઓની પૂર્વ મંજૂરી મેળવીને સંસ્થામાં રૂબરુ જઇ કેન્દ્ર સંચાલકો પાસેથી કાર્યસંતોષ માપદંડ પર પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા.જેની માહિતી પ્રાપ્તાંક સ્વરૂપે મેળવવામાં આવી હતી.આ રીતે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

## ૧૦. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના વિશ્લેષણ અને અર્થઘટન માટે એકત્રિત કરેલ માહિતીના પ્રાપ્તાકો પરથી આવૃત્તિવિતરણ તૈયાર કરી મધ્યક,પ્રમાણિત વિચલન,પ્રમાણભૂલ અને t-મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

***$H_{01}$ વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરી વિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.***

Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

**સારણી :1 વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરી વિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય વિસ્તાર | 20 | 130.24 | 11.72 | 2.20 | 0.08 |
| શહેરી વિસ્તાર | 20 | 130.05 | 11.03 | | |

સારણી-1 માં દર્શાવ્યા પ્રમાણે વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરી વિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 130.24 અને 130.05,પ્રમાણિત વિચલન 11.72 અને 11.03 પ્રમાણભૂલ 2.20 તેમજ t-મૂલ્ય 0.08 આવેલછે.જે 0.05ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 1.96 કરતાં ઓછું છે.આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવેછે. આમ વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરી વિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષમાંતફાવત જોવા મળતો નથી.

***$H_{02}$ વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ઓછો અનુભવ ધરાવતા અને વધારે અનુભવ ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.***

**સારણી :2 વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ઓછો અનુભવ અને વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ઓછો અનુભવ | 15 | 24.00 | 11.03 | 2.8 | 4.3 |
| વધુ અનુભવ | 25 | 36.14 | 19.04 | | |

સારણી-2માં દર્શાવ્યા પ્રમાણે વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના ઓછો અનુભવ ધરાવતા અને વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 24.00 અને 36.14,પ્રમાણિત વિચલન 11.03 અને 19.04 પ્રમાણભૂલ 2.8 તેમજ t-મૂલ્ય 4.3 આવેલછે.જે 0.01ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 2.58 કરતાં વધારે છે.આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવતો નથી. આમ વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓનો વ્યાવસાયિક કાર્યસંતોષ ઓછો અનુભવ ધરવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ કરતાં વધુ જોવા મળે છે.

***$H_{03}$ વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષમાં તેમની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.***

**સારણી :3 વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના કર્મચારીઓની શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કાર્યસંતોષ માપદંડ પર મેળવેલ પ્રાપ્તોકોની સરાસરીના તફાવતની સાર્થકતા**

| શૈક્ષણિક લાયકાત | સંખ્યા | સરાસરી | પ્રમાણિત વિચલન | પ્રમાણભૂલ | t-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ધોરણ-10 પાસ | 15 | 32.50 | 12.60 | 5.06 | 1.28 |
| ધોરણ-10 થી વધુ અભ્યાસ | 25 | 36.94 | 14.70 | | |

Vol. 7, Issue: 3, March: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

સારણી-3માં દર્શાવ્યા પ્રમાણે વાવ તાલુકાની 'આંગણવાડી'સંસ્થાના ધોરણ-10 પાસ કર્મચારીઓ અને ધોરણ-10 પાસથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ માપદંડના મધ્યક અનુક્રમે 32.50 અને 36.94,પ્રમાણિત વિચલન 12.60 અને 14.70 પ્રમાણભૂલ 5.06 તેમજ t-મૂલ્ય 1.28 આવેલછે. જે 0.05ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય 1.96 કરતાં ઓછું છે.આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવેછે. આમ વાવ તાલુકાની 'આંગણવાડી' સંસ્થાના ધોરણ 10 પાસ કર્મચારીઓ અને ધોરણ 10 પાસથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષ સમાન જોવા મળે છે.

## ૧૧. તારણો

1. આંગણવાડી સંસ્થાના ગ્રામ્યવિસ્તાર અને શહેરીવિસ્તારના કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષમાં તફાવત જોવા મળતો નથી.
2. આંગણવાડી સંસ્થામાં વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓનો વ્યાવસાયિક કાર્યસંતોષ ઓછો અનુભવ ધરવતા કર્મચારીઓ કરતાં વધારે જોવા મળેછે.
3. આંગણવાડી સંસ્થામાં કાર્યરત કર્મચારીઓ પૈકી ધોરણ 10 પાસ અને ધોરણ 10 પાસથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓના વ્યાવસાયિક કાર્યસંતોષમાં તફાવત જોવા મળતો નથી.

## ૧૨. ઉપસંહાર

આંગણવાડી સંસ્થામાં કાર્યરત કર્મચારીઓનો કાર્યસંતોષ જેટલો ઊંચો હશે તેટલો સારી રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણકાર્ય કરી શકશે.કર્મચારીઓનો કાર્યસંતોષ વધારે હશે તો વ્યવસાય સાથે સંકળાયેલા કર્મચારીઓના કુટુંબને, સમાજને અને રાષ્ટ્રને તેનો ફાયદો થાયછે.કર્મચારી જો પોતાના કાર્યથી સંતોષ મેળવશે તો તેના વ્યક્તિગત જીવનપર સારી અસર જોવા મળશે.

## સંદર્ભસૂચિ

1. કુંભાર, કૌશિક બી. (2009). મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.
2. તરસરીયા, ભાવેશ એમ.(2007). વિદ્યાસહાયકોની સમસ્યાઓ અને તેમના વ્યવસાય કાર્યસંતોષનો અભ્યાસ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.
3. દેસાઇ, એચ.જી અને કે.જી (1985) સંશોધનની પધ્ધતિઓ અને પ્રવિધિઓ,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ.
4. દોંગા, નાનુભાઇ એસ. શિક્ષણનું મનોવિજ્ઞાન નિજ્જિન સાયકો સેંટર,રાજકોટ.